# સેંબલપાણી લોકનિકેતન આશ્રમશાળામાં બાળકો માટે શિક્ષણ સાથે એડવેન્ચરની તાલીમનું આયોજન

પાલનપુર, તા. ૧૦

વિદ્યાર્થી અવસ્થામાં જ બાળકોમાં સાહસ, આત્મવિશ્વાસ અને નિર્ણયશક્તિના ગુણો કેળવવામાં આવે તો જીવનમાં આવતા ચઢાવ-ઉતારના સમયે તે માણસ સ્થિર રહી સાચો નિર્ણય લઈ





મુશ્કેલીમાંથી રસ્તો કાઢીને આસાનીથી બહાર આવી શકે છે. તેમજ આત્મવિશ્વાસની તાકાતથી જીવનમાં સરસ પ્રગતિ પણ કરી શકે છે. શિક્ષણની સાથે આવી પ્રવૃતિઓ પણ બહુ જરૂરી હોય છે. શાળા અને કોલેજ કક્ષાએ વિદ્યાર્થીઓમાં સાહસના ગુણો કેળવવા માટે વિવિધ વ્યવસ્થા હોય જ છે. આજે આપણે વાત કરવી છે બનાસકાંઠા જિલ્લાના ડુંગરાળ અને ટ્રાયબલ વિસ્તારમાં આવેલ એક શાળામાં યોજાતા એડવેન્ચર કોર્ષ વિશે....



દાંતા તાલુકામાં આવેલ વિશ્વ પ્રસિધ્ધ યાત્રાધામ અંબાજીથી આઠ કિ.મી.ના અંતરે આવેલ સેંબલપાણી લોકનિકેતન આશ્રમ શાળામાં ધોરણ-૧ થી ૮ ના બાળકો માટે એડવેન્ચર વીથ સેવાદળ તાલીમનું આયોજન કરવામાં આવ્યું છે.

અત્યારે શિયાળાની સરસ જમાવટ થઈ ચુકી છે. કુદરતી વાતાવરણમાં બાળકોમાં સાહસ અને સેવાના ગુણો કેળવાય તે માટે લોકનિકેતન સંસ્થા દ્વારા એડવેન્ચર વીથ સેવાદળની ૧૦ દિવસની તાલીમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં વિનયમંદિર રતનપુર, ઢુવા, વિરમપુર, લવાણા, પાલડી, ચિત્રાસણી-ધોળી ભાંખરી સ્કુલના ૧૫-૧૫ વિદ્યાર્થીઓ આમ કુલ-૯૦ વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક તાલીમ લઈ રહ્યા છે. એડવેન્ચર તાલીમના ઈન્ચાર્જ શિવુસિંહ રાઠોડે જણાવ્યું કે, અમારી લોકનિકેતન રતનપુર સંસ્થાના સંચાલક કિરણભાઈ ચાવડાની સુચના અને માર્ગદર્શનથી છેલ્લા પાંચ વર્ષથી લોકનિકેતન નેચર ડીસ્કવરી સેન્ટર (એલએનડીસી) દ્વારા એડવેન્ચેર વીથ સેવા દળ તાલીમનું આયોજન કરવામાં આવે છે. જેમાં જીપ લાઈન, નેટ કલાઈબીંગ, બ્રહ્મા બ્રીજ- નદી ક્રોસ કરવા માટેની તાલીમ, ટાઈગર લીફ્ટ- આગ અકસ્માતના બનાવો સમયે રાહત અને બચાવની તાલીમ વગેરેનો સમાવેશ થાય છે. સાહસથી ભરપૂર આ તાલીમમાં જોડાયેલા બાળકોને જોઈને આનંદ સાથે આશ્ચર્ય પણ થાય કે, નાના બાળકોમાં ઘણા ગુણો પડેલા છે. વાલીઓએ પોતાના બાળકોને શિક્ષણ સાથે શક્તિશાળી બનાવવા આવી તાલીમમાં રસપૂર્વક જોડવા જોઈએ. આ તાલીમના કોચ સુશ્રી અમ્રીતાબેન જેઓ કલકત્તાથી આવેલા છે, તેઓ બાળકોને બહુ સરસ તાલીમ આપી રહ્યાં છે. અન્ય કોચ પ્રેમજીભાઈ પટેલ, હિતેષભાઈ ગઢવી અને અનિલભાઈ બાળકોને તાલીમ આપી તેઓનો ઉત્સાહ વધારી સરસ ઘડતર કરી રહ્યાં છે.

## જેથી ગામે પરમીટ વિનાની જગ્યાએ ખોદકામ કરતાં ૨.૩૬ કરોડના દંડની નોટિસ

બનાસકાંઠાના અમીરગઢ તાલુકાના જેથી ગામે એજન્સીએ પોતાને ફાળવેલી જગ્યાને બદલે અન્ય સ્થળે ખોદકામ કર્યું હતું. જેનો ગ્રામજનો દ્વારા વિરોધ કરાયો હતો. દરમિયાન આ અંગેની જાણ થતાં બનાસકાંઠા ખાણ-ખનીજ વિભાગે એજન્સીને રૂપિયા ૨.૩૬ કરોડના દંડની નોટિસ ફટકારતાં ખનીજ માફિયાઓ ફફડાટ ફેલાયો છે.

અમીરગઢના જેથી ગામે ખનીજ ચોરી થતી હોવાની વ્યાપક ફરિયાદો ઉઠી હતી. ગ્રામજનોએ આ ખનિજ ચોરીને ચાર દિવસ અગાઉ રોકાવી હતી. અને ખાણ-ખનિજ વિભાગને જાણ કરી હતી.આ અંગે જિલ્લા ભૂસ્તરશાસ્ત્રી સુભાષ જોષીએ જણાવ્યું હતું કે, જે સર્વે નંબરમાંથી એમ. બી. કોર્પોરેશને મંજૂરી મેળવી હતી. તેને બદલે અન્ય જગ્યાએથી ખોદકામ કરી ખનીજની ચોરી કરી હતી. આ અંગે એજન્સીને રૂપિયા ૨.૩૬ કરોડનો દંડ ભરવા નોટિસ આપવામાં આવી છે.

# ફાજલ શિક્ષકોને પુનઃ ફરજ પર હાજર કરવા સરકાર સહમત

હિંમતનગર, તા. ૧૦

છેલ્લા ઘણા સમયથી સાબરકાંઠા સહિત ઉત્તર ગુજરાત અને અન્ય જિલ્લાઓમાં માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં ફરજ બજાવતા કેટલાક શિક્ષકોને ઓછી સંખ્યા હોવાને કારણે તેમને ફાજલ પાડવામાં આવતા હતા. પરંતુ તેમને પુનઃ ફરજ પર લેવામાં આવતા ન હતા તથા કેટલાક આચાર્યોને પણ ફાજલનુ રક્ષણ મળતુ ન હતુ જેથી તે અંગે રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ સંલગ્ન સાબરકાંઠા શૈક્ષિક મહાસંઘના નેજા હેઠળ શિક્ષણમંત્રીને ધારદાર રજુઆત કરવામાં આવી હતી જેના ફલસ્વરૂપે શિક્ષણમંત્રીના હકારાત્મક વલણને કારણે ફાજલ શિક્ષકો અને આચાર્યોને ફાયદો થશે.

આ અંગે શૈક્ષિક મહાસંઘ સાબરકાંઠા એકમના અધ્યક્ષ મિતેષભાઈ ભટ્ટ, વરીષ્ઠ ઉપાધ્યક્ષ જગદીશભાઈ રાવલ તથા મંત્રી પી.જે. મહેતાના જણાવાયા મુજબ સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક વિભાગમાં ફરજ બજાવતા વિષય શિક્ષકોને સંખ્યાના અભાવે તંત્ર દ્વારા ફાજલ પાડવામાં આવતા હતા અને તેમને અન્ય કામગીરી સોંપવામાં આવતી હતી તેજ પ્રમાણે કેટલીક શાળાઓના આચાર્યોને ફાજલનુ રક્ષણ ન મળતા તેમની નોકરી પર જોખમ તોડાતુ હતુ.

જે અંગે શૈક્ષિક મહાસંઘ સાબરકાંઠાએ અગાઉ તબક્કાવાર રજુઆતો કરી હતી ત્યારબાદ શૈક્ષિક સંઘના પ્રતિનિધિઓએ શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા સમક્ષ કરેલી રજુઆત બાદ હકારાત્મક અભિગમ દાખવીને તરત જ આ ફાજલ શિક્ષકોને પુનઃ નોકરી પર લેવા તથા જે તે શાળાના આચાર્યોને જો તેઓ ફાજલ પડે તો રક્ષણ આપવાનો ઠરાવ કરાયો છે. જેને લઈને શિક્ષણ આલમમાં આનંદની લાગણી પ્રસરી છે.

# દઢવાવ-લક્ષ્મણપુરા-લીમડાને જોડતો રસ્તો બિસ્માર, રાહદારીઓ હેરાન પરેશાન

ભિલોડા,તા.૧૦

વિજયનગર તાલુકાના દઢવાવ-લક્ષ્મણપુરા-લીમડાને



જોડતો રસ્તો બિસ્માર હાલતમાં હોઈ વાહનચાલકો, રાહદારીઓ હેરાન પરેશાન થઈ રહ્યા છે. જશવંતલાલ મોઢ પટેલ સહિત ગ્રામજનોએ જણાવ્યું હતું કે રસ્તા પર અજરજવર કરતા રાહદારીઓ, વાહનચાલકો, વિદ્યાર્થીઓને અવરજવર કરવામાં ખુબ જ મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.દઢવાવ ગામ પાસેથી પસાર થતી નદી થી લક્ષ્મણપુરા તરફના રસ્તા પર મસમોટા ખાડા પડી ગયા હોવાના કારણે વાહન ચાલકોને અકસ્માત સર્જાય તેવી ભીતી સેવાઈ રહી છે. જાગૃત પ્રજાજનો ધ્વારા રસ્તાનું સમારકામ કરાય તે માટે વારંવાર ગ્રામ પંચાયત થી તાલુકા અને જીલ્લા સ્તર સુધી ધારદાર રજુઆતો કરવા છતા આજ દિન સુધીમાં કોઈ જ પરીણામ આવતું નથી તેમ લોકોએ જણાવ્યુંહતું.જાગૃત પ્રજાજનોમાં બિસ્માર રસ્તાના કારણે ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે.

## દેરોલની પરીણીતા પાસે દહેજ માંગી ત્રાસ આણતા ચાર વિરૂદ્ધ ફરીયાદ

હિંમતનગર, તા. ૧૦

હિંમતનગર તાલુકાના દેરોલ ગામની એક પરીણીતા પાસેથી તેણીના સાસરીયાઓ દ્વારા દહેજ પેટે રૂ. ૫૦ હજારની માંગણી કરી અવારનવાર શારિરીક અને માનસિક ત્રાસ આપવાનુ ચાલુ રખાતા કંટાળીને આ પરીણીતાએ સોમવારે ચાર સાસરીયા વિરૂદ્ધ હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

દસ વર્ષ અગાઉ પ્રાંતિજ તાલુકાના અમરાપુર ગામના કૈલાશબા શિવસિંહ રાઠોડના લગ્ન દેરોલ ગામે કરાયા હતા. ત્યારબાદ સાસરીપક્ષના કાળુસિંહ રતનસિંહ રાઠોડ, વિજયસિંહ રતનસિંહ રાઠોડ, કમુબા વિજયસિંહ રાઠોડ દ્વારા કૈલાશબેનને છેલ્લા કેટલાક સમયથી તને સંતાન થતા નથી તુ વાંજણી છે તેમ કહી તારા બાપાના ઘરેથી કરીયાવરમાં કશુ લાવી નથી તેથી રૂ. ૫૦ હજાર દહેજ પેટે લઈ આવવા માટે અવારનવાર દબાણ કરી શારિરીક અને માનસિક ત્રાસ આપવાનુ શરૂ કર્યુ હતુ.

દરમિયાન વીસએક દિવસ અગાઉ કૈલાશબેનને ગાળો બોલી ગડદાપાટુનો માર મારી પહેરેલે કપડે દેરોલ ગામેથી કાઢી મુકવામાં આવ્યા હતા. જેથી કૈલાશબાએ પિયર અમરાપુર ગામે જઈને પોતાના માતા પિતાને સઘળી હકીકતથી વાકેફ કર્યા બાદ દેરોલના ચારેય સાસરિયા વિરૂદ્ધ સોમવારે હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં દહેજ ધારાના ભંગ બદલ ફરીયાદ નોંધાવી હતી.

## બામણા-પુનાસણ આટ્ર્સ એન્ડ કોમર્સ કોલેજમાં મફત નેત્ર નિદાન કેમ્પ યોજાયો

ભિલોડા,તા.૧૦

બામણા ગામમાં શ્રી બામણા-પુનાસણ મધ્યસ્થ સ્કુલ કેળવણી મંડળ મુંબઈ સંચાલિત સ્વ.શાંતાબેન હરગોવિંદદાસ જોષી અને ભુલેશ્વર કડુરામ જોષી આટ્ર્સ એન્ડ કોમર્સ કોલેજમાં અંજલી હોસ્પિટલ, રણાસણ અને એન.એસ.એસ. યુનિટના સંયુક્ત ઉપક્રમે મફત નેત્ર નિદાન કેમ્પ યોજાયો હતો. ૩૪૮ આંખના દર્દીઓની સારવાર કરાઈ હતી. ૧૪ આંખોના દર્દીઓને મોતીયો હોઈ ઓપરેશન સ્થળે લઈ જવા માટે વ્યવસ્થા કરાઈ હતી. શ્રી બામણા-પુનાસણ મધ્યસ્થ સ્કુલ કેળવણી મંડળ ઉપપ્રમુખ દુર્ગાશંકર જોષી, મંત્રી જગદીશભાઈ જોષી,પ્રિન્સિપાલ ડૉ. કલ્પનાબેન પટેલ હાજર રહ્યા હતા. કાર્યક્રમનું સફળ સંચાલન એન.એસ.એસ. પ્રો.ઓ. નિવૃત્તિનાથ જોષી, પ્રો.અક્ષયભાઈ પ્રજાપતિ, વિષ્ણુભાઈ સોલંકીએ કર્યું હતું.

## બામણા શાળા કોલેજમાં શુભેચ્છા વયનિવૃત્તિ સન્માન સમારંભ યોજાયો

ભિલોડા,તા.૧૦

બામણા ગામમાં શ્રી બામણા-પુનાસણ મધ્યસ્થ સ્કુલ કેળવણી મંડળ મુંબઈ સંચાલિત ડી.એમ.બી.પી. હાઈસ્કુલ, બામણા, સ્વ.શાંતાબેન હરગોવિંદદાસ જોષી અને ભુલેશ્વર કડુરામ જોષી આટ્ર્સ એન્ડ કોમર્સ કોલેજના સંયુક્ત ઉપક્રમે શાળા કોલેજ પટ્ટાંગણમાં હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી,પાટણ વાઈસ ચાન્સેલર ડૉ.અનિલભાઈ જે. નાયકના અધ્યક્ષસ્થાને શુભેચ્છા, વયનિવૃત્તિ સન્માન સમારંભ યોજાયો હતો. અતિથિ ચિમનભાઈ પંડ્યા,બામણા-પુનાસણ મધ્યસ્થ સ્કુલ કેળવણી મંડળ પ્રમુખ દિનેશભાઈ ભટ્ટ, ઉપપ્રમુખ દુર્ગાશંકર જોષી, મંત્રી ઈશ્વરલાલ પંડ્યા,જગદીશભાઈ જોષી, સહમંત્રી હરેશભાઈ ઉપાધ્યાય,ખજાનચી કનૈયાલાલ પંડ્યા, ભરતભાઈ એન.પંડ્યા, કારોબારી સભ્યો, પ્રિન્સિપાલ ડૉ.કલ્પનાબેન પટેલ, શાળા-કોલેજ સ્ટાફગણની ઉપસ્થિતીમાં આચાર્ય આર.ડી.પટેલની શુભેચ્છા અર્પણ અને ઈન.પ્રિન્સિપાલ ડી.કે. પટેલની વય નિવૃત્તિ,વિવિધ શાળાઓના આચાર્યોએ મોમેન્ટો આપી શુભેચ્છાઓ પાઠવી હતી. સમારંભ અધ્યક્ષ અનિલભાઈ જે.નાયકએ પ્રસંગોચિત ઉદ્બોધન કર્યુ હતું. કાર્યક્રમનું સફળ સંચાલન ભીખાભાઈ પટેલએ કર્યુ હતું.આભાર દર્શન મંત્રી જગદીશભાઈ જોષીએ કર્યુ હતું.



**ડીસા માર્કેટયાર્ડ દ્વારા ભોયણ ગામના ત્રણ વાલ્મિકી પરીવારને સહાય ચૂકવાઈ**

ડીસા તાલુકાના ભોયણ ગામના વાલ્મિકી સમાજના ત્રણ આશાસ્પદ યુવાનોનું અકસ્માતે મોત થતાં ત્રણેય મૃતકોના પરીવારને ડીસા માર્કેટયાર્ડના ચેરમેન માવજીભાઈ દેસાઈના હસ્તે રૂપિયા એક-એક લાખની સહાયનો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો. ડીસા તાલુકાના ભોયણ ગામના વાલ્મિકી સમાજના લખાભાઈ મફાભાઈ મેજીયાતર, રાજુભાઈ મંછાભાઈ મેજીયાતર અને હીરાભાઈ મણાભાઈ મેજીયાતરનું બે મહિના અગાઉ દાંતીવાડાના મારવાડા ગામે ઈંટો ભરેલી ટ્રક નીચે દટાઈ જતાં ત્રણેયનું કરૂણ મોત નીપજ્યું હતું. આથી ડીસા માર્કેટયાર્ડ દ્વારા અકસ્માત વિમા યોજના અંતર્ગત ત્રણેય મૃતકના વારસદારોને ડીસા માર્કેટયાર્ડના ચેરમેન, બનાસ ડેરીના વાઈસ ચેરમેન અને બનાસ મેડીકલ કોલેજના પ્રમુખ માવજીભાઈ દેસાઈના હસ્તે રૂપિયા એક-એક લાખની સહાયના ચેક અર્પણ કરવામાં આવ્યા હતા.

# મોડાસામાં ઘરકંકાસ જેવી સામાન્ય બાબતમાં અંકુર સોસાયટીમાં શિક્ષકે આત્મહત્યા કરતા ચકચાર

મોડાસા, તા. ૧૦

આધુનિક જીવનશૈલી સાથે માનવીની સહનશક્તિમાં પણ ધીરે ધીરે ઘટાડો થતો હોય તેમ આત્મહત્યાની ઘટનાઓમાં નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે. મોડાસા શહેરની બસસ્ટેન્ડ પાછળ આવેલી અંકુર સોસાયટીમાં રહેતા શિક્ષક દંપતીમાં ઘરકામ જેવી સામાન્ય બાબતમાં પતિને લાગી આવતા શિક્ષકે ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લેતા ભારે ચકચાર મચી હતી. ઘટનાસ્થળે લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા. મોડાસા ટાઉન પોલીસે ઘટનાસ્થળે પહોંચી મૃતક શિક્ષકની લાશને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મોડાસા શહેરની અંકુર સોસાયટીમાં રહેતા કનુભાઈ પ્રભુદાસ પ્રજાપતિ (રહે. ઉમેદપુર, જીવણપુર) તેમના પરિવાર સાથે વર્ષોથી રહે છે. પતિ-પત્ની બંને પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવે છે. સોમવારે રાત્રે પતિ-પત્ની વચ્ચે ઘરકામ બાબતે બોલાચાલી થતા કનુભાઈને મનમાં લાગી આવતા રાત્રે બેડરૂમમાં ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતા તેમની પત્ની વહેલી સવારે બેડરૂમમાં ગળેફાંસો ખાધેલી હાલતમાં તેમના પતિને જોતા બુમાબુમ કરી મુકતા પરિવારજનો દોડી આવ્યા હતા. કનુભાઈ પ્રજાપતિએ આપઘાત કરી લેતા મોટી સંખ્યામાં તેમના સગા-સંબંધીઓ અને મિત્રવર્તુળ તેમના ઘરે પહોંચ્યા હતા. પરિવારજનોએ રોકોક્કળ કરી મૂકતા વાતાવરણમાં ભારે ગમગીની છવાઈ હતી. આત્મહત્યાની ઘટનાના પગલે મોડાસા ટાઉન પોલીસ ઘટનાસ્થળે પહોંચી મૃતકના મૃતદેહને પીએમ માટે ખસેડ્યો હતો.

મોડાસા ટાઉન પોલીસે મૃતક શિક્ષકના ભાઈ સંજયકુમાર પ્રભુદાસ પ્રજાપતિની જાહેરાતના આધારે ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# શરદ મહોત્સવ નિમિત્તે ચાલો અંબાજી... મા અંબાના દર્શનાર્થે

## ઉડન ખટોલા દ્વારા ગબ્બર ઉપર જવા સ્કુલો, કંપનીઓ તથા સંસ્થાઓના ગ્રુપ માટે બે મહિના સ્પેશ્યલ ડિસ્કાઉન્ટ

અંબાજી, તા. ૧૦

પ્રસિધ્ધ યાત્રાધામ અંબાજી ખાતે વિશાળ સંખ્યામાં માઈભક્તો દર્શનાર્થે આવે છે. ઉલ્લેખનીય છે કે અંબાજી મંદિર દેશ વિદેશના તમામ શક્તિપીઠોમાં સુવર્ણજડીત મંદિર છે. ગબ્બર ઉપરનું સ્થાનક માતાજીનું મૂળ પ્રાગટ્ય સ્થાન મનાય છે. અંબાજી દર્શનાર્થે આવતા યાત્રિકો પૈકી હવે ઘણા યાત્રિકો ગબ્બર ઉપર માતાજીના દર્શનાર્થે જાય છે. ગબ્બર પરિક્રમા પથ ઉપર દેશ વિદેશમાં આવેલ તમામ ૫૧ શક્તિપીઠોના મંદિરોનું ભવ્ય નિર્માણ થતાં યાત્રિકો સહપરિવાર દર્શનાર્થે જઈ માતાજીના દર્શન કરી ધન્યતાનો અનુભવ કરે છે.

ગબ્બર ઉપર જવા માટે પગથીયા તેમજ રોપ-વે ની સગવડ છે. ઉડન ખટોલા દ્વારા ગબ્બર ઉપર જવા માટે ઉષા બ્રેકો કંપની દ્વારા શરદ મહોત્સવ નિમિત્તે બે મહિના એટલે કે, તા. ૧ ડિસેમ્બર-૨૦૧૯થી તા.૩૧ જાન્યુઆરી-૨૦૨૦ સુધી તમામ સ્કુલો, કંપનીઓ તથા સંસ્થાઓના ગ્રુપ માટે સ્પેશ્યલ ડિસ્કાઉન્ટની વ્યવસ્થા કરવામાં આવી છે. આ ઓફર ગબ્બર-અંબાજી અને પાવાગઢ બંને સ્થળો માટે છે.

રોપ-વે દ્વારા ગબ્બર અને પાવાગઢ ખાતે માતાજીના દર્શનાર્થે જવા ઉષા બ્રેકો કંપનીના ઈ-મેઈલ marketing_amb @ushabreco.com તથા અંબાજી માટે ફોન નંબર- ૬૩૫૪૧ ૩૧૯૧૭, પાવાગઢ માટે ફોન નં. ૯૭૮૫૨ ૮૨૯૧૪ તથા અમદાવાદના ઓફિસના ફોન નં.૯૮૯૮૮ ૮૪૩૫૭ ઉપર સંપર્ક કરી શકાશે.

### પાઈપલાઈન... ●

અનુસંધાન છેલ્લાનું ચાલુ

૪૭૮ કી મીમાં પાણીની પાઈપલાઈનનુ નેટવર્ક પથરાયેલુ છે. જેમાં મુખ્યલાઈન ૨૫૦ થી ૧૨૦૦ એમ એમ સુધીની છે. જયારે સેકટરોના આંતરિક વિસ્તારમાં પણ ૮૦થી ૧૦૦એમ એમની લાઈન કાર્યરત છે. મુખ્ય જંકશનની મોટી લાઈન પણ અત્યંત જુની છે. શહેર ઉપરાંત શહેરી ગામોમાં પણ સપ્લાય પુરો પાડવામાં આવે છે. ત્યારે શહેરમાં ૨૪ કલાક પાણી સપ્લાય કરવાની યોજનાનો અમલ થતા હજુ સમય લાગે તેમ છે. પરંતુ આ યોજનાનુ કામ પુર્ણ થાય ત્યાં સુધી પણ સેકટરોમાં ફોર્સથી પાણી સપ્લાય કરવા માટે જરૂરી પગલા લેવા અનિવાર્ય હોવાનો સુર પણ નાગરિકો ઉઠાવી રહ્યા છે. નવા સેકટરોમાં ખાસ કરીને સે-૩ ન્યુ તેમજ સે-૪ માં છેલ્લા ઘણાં સમયથી પાણીનો પ્રશ્ન પેચીદો બન્યો છે. આ મામલે સ્થાનિક જાગૃત નાગરિકોએ રજુઆત પણ કરી છે ત્યારે તંત્ર દ્વારા આ સ્થિતિને ધ્યાને લઈ સ્થળ તપાસ કરવાનો પણ નિર્ણય લેવાયો છે.

### દબાણો થયા છે...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અલગ અલગ જગ્યાઓ પર અસ્થાયી કાચા ઝુંપડાનુ દબાણ થયેલ છે. વખતોવખત દબાણ દૂર કરવાની કાર્યવાહી કરવામાં આવે છે. તેમણે એવી પણ હૈયાધારણ આપી છે કે બિનકાયદેસર દબાણો ઉભા ના થાય તે માટે સમયાંતરે દબાણ ઝુંબેશ તંત્ર દ્વારા હાથ ધરવામાં આવે છે.

### બેટરી સંચાલિત...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સ્ટાફની બસોમાં પણ કર્મચારીઓ અપડાઉન કરી રહ્યા છે. શહેરનો સ્માર્ટ સીટીમાં સમાવેશ થયો છે. ત્યારે નગરમાં એકબાજુ મેટ્રો રેલ સેવા માટે પણ કામગીરી ચાલી રહી છે. એસ ટી ડેપોમાં બેટરી સંચાલિત બસો દોડતી કરવા માટે આયોજન કરવામાં આવ્યુ છે. પ્રથમ તબક્કામાં ૧૦ જેટલી બસો દોડાવવા માટે પણ આયોજન કરાયુ છે. જેને અનુલક્ષીને વિજ સપ્લાય મેળવી સબ સ્ટેશન યુનિટ કાર્યરત કરવા માટે પણ ગતિવિધિઓ હાથ ધરાઈ છે. ગાંધીનગર ડેપોમાંથી બહારગામના રૂટની બસો પણ શરૂ કરવામાં આવી છે. નવા રૂટોમાં એ સી બસ સેવા શરૂ કરવામા આવતા મુસાફરોને પણ નવી બસ સેવાનો લાભ મળી રહ્યો છે. તો બીજીતરફ મુસાફરોને અનુલક્ષી આનુસંગિક સુવિધાઓ ઉભી કરવા માટે પણ કોઈ ગતિવિધિઓ હાથ ધરાતી નથી. મુસાફરોની સલામતીનો મુદ્દો હજુ રામભરોસે હોવાનો આક્રોશ પણ નગરજનો સેવી રહ્યા છે.

### ભડકો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ડિબ્રુગઢ અને ગુવાહાટીમાં વાહનો માટે માર્ગ બનાવવા માટે પોલીસે વિરોધીઓને હટવાનું કહ્યું, જેના પગલે પોલીસ અને તેમની વચ્ચે ઘર્ષણ થયું હતું. પોલીસે આ લોકો પર લાઠીચાર્જ પણ કર્યો છે. વિરોધીઓએ રાષ્ટ્રીય ધોરીમાર્ગ ઉપર વાહનોની અવરજવર અટકાવી અને ટાયરો સળગાવી દીધા હતા. આસામી ફિલ્મના કલાકારો અને ગાયકોએ ચાંદમરી વિસ્તારમાં વિરોધ પ્રદર્શનનું આયોજન કર્યુ હતું. ઉજ્જન બજારની રેલીમાં ઘણા કલાકારોએ ભાગ લીધો હતો. તે જ સમયે, આસામ કૃષિ યુનિવર્સિટી, કોટન યુનિવર્સિટી, ગુવાહાટી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ પણ આ બિલને તાત્કાલિક પાછું ખેંચવાની માંગ કરી હતી.

ત્રિપુરાની રાજધાની અગરતલામાં નાગરિક સંશોધન બિલના વિરોધમાં લોકો રસ્તા પર ઊતરી આવ્યા હતા. જેની સામે પોલીસ ટુકડીઓએ ઠેર ઠેર બંદોબસ્ત ગોઠવી દીધો હતો. ખાસ કરીને અનેક સંવેદનશીલ વિસ્તારમાં પોલીસ ટુકડી તહેનાત હતી. જેથી કોઈ અનિચ્છનીય ઘટના ન બને. ગુવાહાટીમાં આખો દિવસ બજારો બંધ રહ્યા હતા. જેના કારણે લોકોના જનજીવનને સીધી અસર પહોંચી હતી. દરરોજના સમય કરતા શેડ્યુલ અસ્ત વ્યસ્ત થતા સામાન્ય લોકોને મુશ્કલીનો સામનો કરવો પડ્યો હતો. કોંગ્રેસની સાથોસાથ બીજા પણ રાજકીય પક્ષ આ બિલમાં મુસ્લિમ શરણાર્થીઓને ભારતીય નાગરિકતા ન દેવાની જોગવાઈનો પ્રચંડ વિરોધ કરી રહ્યા છે.

આસામના ધુબરી લોકસભાના નેતા અજમલે જણાવ્યું હતું કે, નાગરિકતા સંશોધન બિલ હિન્દુ-મુસ્લિમ એકતાની વિરુદ્ધ છે. અમે આ બિલને રદ્દ કરીએ છીએ. આ મુદ્દે વિપક્ષ પણ અમારી સાથે છે. અમે આ બિલને પાસ થવા નહીં દઈએ. ઓલ આસામ સ્ટુડન્ટ યુનિયને ડિબ્રુગઢમાં નાગરિકતા સંશધોન બિલની સામે વિરોધ પ્રદર્શન કર્યું હતું. સ્ટુડન્ટ યુનિયન સભ્યોની તરફથી આગચંપી કરવામાં આવી હતી. ત્યાર બાદ વાતાવરણ તંગ બની ગયું હતું. બિલનો આ મુદ્દો પાકિસ્તાન, બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાનના ધર્મના આધાર પર અત્યાચાર પીડિત મુસ્લિમો, લઘુમતી કોમ, હિન્દુ, જૈન, શીખ, બૌદ્ધ, પારસીઓને ભારતીય નાગરિકતા આપવા સાથે જોડાયેલો છે.

### સુધારા બિલ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કરવામાં આવશે. લોકસભામાં બહુમતિ હોવાના કારણે સરકાર ૮૦ની સરખામણીમાં ૩૧૧ મતથી બિલને પાસ કરાવી લેવામાં સફળ રહ્યું હતું પરંતુ સંસદના ઉપરી ગૃહમાં ગણતરી અન્ય દેખાઈ રહી છે. સરકાર રાજ્યસભામાં લઘુમતિ છે. આવી સ્થિતિમાં નંબર ગેમ ખુબ ઉપયોગી રહી શકે છે. ભાજપને આશા છે કે, સરકાર જે રીતે ત્રિપલ તલાક બિલ અને કલમ ૩૭૦ને નિષ્ક્રિય કરવામાં સફળ રહી હતી તે રીતે રાજ્યસભામાં પણ નાગરિક સુધારા બિલને પાસ કરાવી લેશે. રાજ્યસભાની ગણતરીની વાત કરવામાં આવે તો એનડીએના સૌથી મોટા પક્ષ ભાજપ પાસે રાજ્યસભામાં ૮૩ સાંસદ છે જ્યારે જનતા દળ યુનાઈટેડ પાસે ૬ સાંસદ છે. બિહારમાં સત્તામાં રહેલી જેડીયુ પાર્ટીએ લોકસભામાં નાગરિક સુધારા બિલનું સમર્થન કર્યુ હતું. આ ઉપરાંત એનડીએમાં સામેલ શિરોમણી અકાળી દળના ત્રણ, આરપીઆઈના એક અને અન્ય પક્ષોના ૧૩ સભ્યો છે. હાલમાં એનડીએ ગઠબંધનની પાસે ૧૦૬ રાજ્યસભા સાંસદ છે. જેડીયુ દ્વારા લોકસભામાં બિલનું સમર્થન કરવામાં આવ્યું હતું પરંતુ આને લઈને પાર્ટીમાં બે સુર દેખાઈ રહ્યા છે. જેડીયુ નેતા પ્રશાંત કિશોર આની વિરુદ્ધમાં દેખાઈ રહ્યા છે. બહુમતિની વાત કરવામાં આવે તો બહુમતિ માટે ૨૪૫ કુલ સીટ ક્ષમતા સામે ૧૨૧ની રહેલી છે. જ્યારે એનડીએની પાસે ૧૦૬ સભ્યો છે. ખાલી પાંચ સીટો રહેલી છે જેમાં આસામમાં બે, બિહાર, હિમાચલ પ્રદેશ અને ઓરિસ્સામાં એક-એક સીટનો સમાવેશ થાય છે. ૧૨ નોમિનેશન પામેલા સભ્યો પૈકી આઠે ભાજપમાં સામેલ થવાનો નિર્ણય કર્યો છે. બાકીના ચાર રહેલા નોમિનેશન સભ્યો પૈકી ત્રણ દ્વારા બિલની તરફેણમાં મતદાન કરવામાં આવ્યું છે. બીજી બાજુ યુપીએમાં કોંગ્રેસના સૌથી વધારે ૪૬ સાંસદ છે. બિહારના પૂર્વ મુખ્યમંત્રી લાલૂ પ્રસાદ યાદવની પાર્ટી આરજેડી અને શરદ પવારની પાર્ટી એનસીપીના ચાર-ચાર સભ્યો છે.

### સ્થિતિ નથી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

તેમણે કહ્યું હતું કે, જે રાજકીય નેતાઓને પ્રતિબંધિત આદેશ હેઠળ રાખવામાં આવ્યા છે. સરકારની તેમાંથી કોઈપણને એક દિવસ કરતા પણ વધારે સમય સુધી જેલમાં રાખવાની કોઈ ઈચ્છા નથી. અમિત શાહે આક્ષેપ કર્યો હતો કે, ફારુક અબ્દુલ્લાના પિતા શેખ અબ્દુલ્લાને ૧૧ વર્ષ સુધી જેલમાં રાખવામાં આવ્યા હતા. આ તમામ બાબતો કોંગ્રેસ અને ઈન્દિરા ગાંધીના સમયમાં થઈ હતી. તેમણે ઉમેર્યું હતું કે, તેમના પગલે આગળ વધવાની અમારી કોઈપણ યોજના નથી જ્યાં પણ સ્થાનિક તંત્ર નિર્ણય લેશે તેમાં અમે દરમિયાનગીરી કરીશું નહીં. ફારુકને મુક્ત કરી દેવામાં આવશે. તેમણે કહ્યું હતું કે, અમે ફોન કરીને વહીવટીતંત્રને આદેશ કરતા નથી. વિપક્ષની અગાઉની સરકાર આ પ્રકારના કામ કરતી હતી. ભાજપ સરકાર આ પ્રકારના કામ કરતી નથી. કાશ્મીર ખીણમાં સામાન્ય સ્થિતિને લઈને વિપક્ષના પ્રશ્નોનો જવાબ આપતા તેમણે કહ્યું હતું કે, તમામ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી સંચારબંધી દૂર કરી લેવામાં આવી છે. સ્થિતિ ખુબ સામાન્ય છે. કલમ ૧૪૪ પણ દૂર કરી દેવામાં આવી છે. માત્ર વિપક્ષને જ સ્થિતિ સામાન્ય દેખાતી નથી. તેમણે ઉમેર્યું હતું કે, કલમ ૩૭૦ને દૂર કરવામાં આવ્યા બાદ પોલીસ ગોળીબારમાં એક વ્યક્તિનું પણ મોત થયું નથી.